જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૪/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-

સમાચાર યાદી નં.૭૩૮/૧૭

### - : દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી દારૂ/જુગારની ગેર કાયદેસર પ્રવૃતિ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) અત્રેના દાણીલીમડા પો.સ્ટે ના પો.સબ.ઇન્સ કે.એલ.પટણી તથા સર્વેલન્સ સ્કવોડના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પેટ્રોલીંગ ફરતા ફરતા કલાક : ૧૯/૦૦ વાગે દાણીલીમડા કાશીરામ મિલ ચાર રસ્તા પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.નસરુલ્લાખાન હબીબખાન તથા પો.કો.જીતુભાઇ મેરામભાઇનાઓએ સંયુક્ત બાતમી હકિકત આપેલ કે " એક ઇસમ નામે **શાહરુખ ઉર્ફે મસરી ઇસુબભાઇ સૈયદ રહે : બેરલ માર્કેટ દાણીલીમડા અમદાવાદ શહેર**નાનો બહારથી કેટલોક પરપ્રાંતીય ઇગ્લીશ દારૂ જથ્થો વેચાણ કરવા સારૂ લાવી દાણીલીમડા સોઢણ તલાવડી પાસે હઝરત કલન્દરનગર મ.નં.એફ/૧ ની આગળ સગેવગે કરી રાખેલ છે જે બાતમી હકિકત આધારે રેઇડ કરતા સદરી ઇસમ પોતાની પાસેનો **પરપ્રાંતીય ઇંગ્લિશ દારૂની ૩૫૦/ મિ.લી.ની ROCK & STORM REVOLUTION EXTRA DRY GIN PREMIUM QUALITY ની કુલ્લે બોટલો નંગ-૭૦ કુલે કિ.રૂ.૩૫,૦૦૦/-** ની મતાનો દારૂનો જથ્થો મુકી ભાગી નાસી ગયેલ જે તપાસ અર્થે કબ્જે કરી સદરી ઇસમને વોન્ટેડ બનાવી કાયદેસરની કાર્યવાહી કરી ઇંગ્લીશ દારૂનો ગણનાપાત્ર કેસ શોધી કાઢી સદરી વોન્ટેડ આરોપીને સત્વરે પકડી પાડવા ચક્રો ગતિમાન કરેલ છે.

---

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)